શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૬
અંક : ૮

## સુવાકયો

- આત્મા અજ્ઞાનના કારણથી જ સીમિત પ્રતિત થાય છે પરંતુ જયારે અજ્ઞાન મટી જાય છે ત્યારે આત્માનું વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે. જેમ વાદળોના દૂર જવાથી સુર્ય દેખાય છે.
- આપણે કયારેય માનવતામાંથી વિશ્વાસ ન ગુમાવવો જોઈએ. માનવતા એક દરિયાની કેટલીક બુંદો અસ્વચ્છ હોય તો એનાથી આખો દરિયો અસ્વચ્છ નથી થતો.
- હું મારા ઘરને બધી બાજુએથી બંધ અને બારીઓ વાખેલી હોય એવું નથી ઈચ્છતો તમામ સ્થળોની સંસ્કૃતિઓનો પવન મારા ઘરમાં શકય હોય એટલી મુકતતાથી રેલાય એવું હું ઈચ્છું છું
- માણસ તેના વિચારોની ઉપજ છે. જે વિચારે છે એ જ બને છે.
- હું તમને હિંસા નહી શીખવી શકું, કેમકે હું પોતે જ એમાં નથી માનતો હું તમને એટલું જ શીખવીશ કે પોતાના જીવના જોખમે પણ કયારેય અન્યાય સામે મસ્તક ઝુકાવવુ નહી.
- બગડેલા 'કેસ' ને જે સુધારે તે ''વકીલ'' કહેવાય,''કેસ''ને બગડવા જ ના દે તે ''વડીલ'' કહેવાય.

## સુખદ જીવન

ચહેકતા રહીએ પંખીની જેમ,
મહેકતા રહીએ ફુલની જેમ,
જીવન આમ જ વિતે સરસ,
લહેરતા રહીએ પવનની જેમ...
વિસ્તરતા રહીએ નભની જેમ,
ઘુઘવાતા રહીએ સાગરની જેમ,
જીવન આમ જ વિતે સરસ,
કલકલતા રહીએ ઝરણાની જેમ...
ઝુકતા રહીએ વૃક્ષોની જેમ,
મધુર રહીએ ફુલોની જેમ,
જીવન આમ જ વિતે સરસ,
જીવતા રહીએ માનવની જેમ...

**– સંકલન : પાયલ ધાનાણી**

**પ્રિય વાચક મિત્રો,**

સંસ્થાનો દિપોત્સવી અંક તૈયાર થઈ રહયો છે. વાચક મિત્રો શુભેચ્છા જાહેરાત આપી આ અંકને આર્થિક સહયોગ આપે તેવી વિનંતી છે. અને ટપકનાં નિયમિત પ્રસિધ્ધ થતા અંકો માટે પણ ઈચ્છાનુસાર સહયોગ રાશિ આપ આપી શકો છો. **– ટપક ટીમ**

**ઉત્સાહ જ સફળતાને આમંત્રણ આપે છે.**

## વાચકમિત્રના પ્રતિભાવો

નમસ્કાર સાથ જણાવવાનું કે, આજરોજ આપશ્રી દ્વારા મોકલાવાયેલ 'ટપક' અમારી શાળામાં મળ્યું જેમાં એટલે તો વાત નથી થાતી તેમજ દીકરો દ્રષ્ટાંત ખુબ જ ગમ્યું ઉપરોકત દ્રષ્ટાંત દ્વારા સમાજને કંઈક નવીન વિચાર પ્રાપ્ત કરવાનો આપનો હેતુ લાગણી સભર રહયો તેમજ પાછળની બાજુમાં આપેલ સામાજિક સ્તરની જાગૃતિ બાબતોની રમતોના ચિત્રો ફોટોગ્રાફ જોતા આનંદ થયો. કુષ્ઠ રોગ વિશેની બાબતો જાણી શાળાના બાળકોએ પણ માહિતી મેળવી વર્ષો પહેલા હું પણ અમરેલીની 'મફત કાનૂની સેવા અને માર્ગદર્શન કેન્દ્ર' ની ઓફીસએ આવેલ સરનામું આજ હતું કે અન્ય તે યાદ નથી પરંતુ તેનો હેતુ પણ ખુબ જ સારો હતો જેમાં હું અમદાવાદ પણ ગયેલ બસ આપના સમાજલક્ષી કાર્યો થતી પ્રત્યેક વ્યકિતને કંઈક નવા વિચારો પ્રાપ્ત કરાવો એ જ અભ્યાર્થના કેળવું.

લી. અરવિંદ જે. દેવમુરારી, પ્રાથમિક શાળા, કરિયાણા, તા. બાબરા.

સ્નેહીશ્રી અરવીંદભાઈ,

આપનો પત્ર જ આપની સામાજીક કાર્યોમાં રૂચિ દર્શાવે છે. સંસ્થાની આપના વિસ્તારમાં બાળકો સાથે કામગીરી ચાલે છે. સંસ્થાના કાર્યકરો ત્યાં આવશે ત્યારે આપને મળશે.

**– પાયલ ધાનાણી**

## હિસાબી તાલીમ

સ્વૈચ્છિક સંસ્થાઓમાં હિસાબો રાખવાની પધ્ધતિઓ અલગ અલગ હોય છે. સંસ્થાના કાર્યવ્યાપ આધારે તેમાં ફેરફારો થતા રહે છે. હિસાબો રાખનારી વ્યકિતઓ વારંવાર બદલતી હોય ત્યારે સંસ્થાના સંચાલકો માટે હિસાબી કામકાજો નિયમાનુસાર અને સમયસર થાય તે માટે તાલીમો પણ જરૂરી છે.

આગા ખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ (ઈન્ડીયા) દ્વારા આ પ્રકારની એક તાલીમ ડીએસસી અમદાવાદ ખાતે યોજાઈ જેમાં સંસ્થાના એકાઉન્ટંટ શ્રી રાજેશ રાઠોડએ ભાગ લઈ હિસાબી તથા અન્ય કાયદાકીય જાણકારી મેળવી હતી.

## જેન્ડર તાલીમ

જનવિકાસ અમદાવાદ ખાતે ત્રણ દિવસની જેન્ડર તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ એ હતો કે જેન્ડર (ભેદ) જેમકે, શારીરિક–કુદરત આધારિત આથી બદલી ના શકીએ. સામાજીક–આમાં પરીવર્તન લાવી શકીએ. ગ્રામ્ય કક્ષાએ પણ આપણે દરેક મહિલાને જાગૃત કરવી. ગ્રામસભામાં મહિલાઓને પ્રાધાન્ય આપવું અને ભાઈઓ સાંભળે તેવું વાતાવરણ ઉભુ કરવું. કોમ્યુનીકેશન સ્કીલ બદલવી. જેમાં સ્ત્રી અને પુરુષનાં બદલે મહિલા સભ્ય અને પુરૂષ સભ્ય બોલવા વગેરે... જેવી સમજ ઉભી કરવી.

***જેમ તેલ વિના દિવો બળતો નથી તેમ ઈશ્વર વિના માનવ જીવી શકતો નથી.***

**જીવંત શિક્ષણ**

એક રાજાનો દીકરો રાજકુમાર ગુરૂના આશ્રમમાં વિધા આત્મસાત કરવા ગયો. વર્ષો સુધી એકાગ્રતાથી ભણી ગણી કેળવાયો સ્નાતક થયો. ગુરૂની આજ્ઞા લેવા માટે ગુરૂ પાસે જઈ આશીર્વાદ લેવા શિષ્ય ગુરૂના પગમાં પાયલાગણ કરવા ગયો ત્યાં જ ગુરૂએ એમના હાથમાં રહેલી લીલીછમ સોટી રાજકુમારની પીઠમાં ફટકારી... સોળ ઉઠયા... કળ વળી ત્યારે રાજકુમાર ઉભો થઈ ગુરૂને પૂછે છે : 'મારાથી કોઈ ગુનો થયો, કોઈ ભૂલ થઈ ?' એ વિસ્મિત ચહેરે ગુરૂના જવાબની પ્રતિક્ષા કરવા લાગ્યો. ગુરુએ કહયું : 'બેટા, આ પણ શિક્ષણ માટે, કેળવણીની, જીવનની દીક્ષા માટે જ'...તું કોઈને સજા ફટકારે કે દંડ આપ, કોરડાઓની સજા ફટકાર ત્યારે તને ખબર હોવી જોઈએ, તારો અનુભવ હોવો જોઈએ કે મારની સજાની શરીર ઉપર કેવી અસર થાય છે? ગુનેગાર હોય એને સજા કે દંડ દેવો એ રાજધર્મ કહેવાય પરંતુ વગર વાંકે કોઈના ઉપર ક્રુરતા કે શારીરિક સજા કરાય નહી. એનું શિક્ષણ, સમજ આપવા તને મે આ સોટી ફટકારી હતી. તારો ખુદનો અનુભવ એ ઉતમ શિક્ષણ. ગુરૂજીનું આવુ જીવનલક્ષી શિક્ષણ પામી. જીવનદીક્ષા આપતા જોઈ રાજકુમાર પુનઃ વિધાગુરૂના ચરણે પડયો. ત્યારે બીજી વખતે પાયલાગણ શિષ્યની પીઠ ઉપર, બરડા ઉપર ગુરૂએ સ્નેહસભર હાથ ફેરવ્યો, પ્રેમલ સ્પર્શ, આશીર્વાદ પામતા ફરી વિસ્મિત બની રાજકુમારે ઉભા થઈ પૂછયું : 'ગુરૂજી પુનઃ હાથ પસવાર્યો એ શું?' ગુરૂજી બોલ્યા' તને વાગ્યું છેને, પીડા થતી હશે? બેટા દુઃખી, પીડિત કે અધુરપમાં જીવતા માણસોને સ્નેહ આપતો રહેજે એના દુઃખો તારી પ્રેમાળ હૂંફથી દૂર થશે. પીડિતને પ્રેમથી પસવારજે... ગુરૂજીની આ શીખ સાંભળી બધાં જ શિષ્યો ગુરૂજીને માનથી જોઈ રહયાં.

**'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય. જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, બૌદ્ધિક વિકાસ સાધી શકાય. જેના થકી વ્યકિત પગભર બની. પરોપકારી બને તેને કેળ વણી કહેવાય.'**

***– સ્વામી વિવેકાનંદ***

❑ જિંદગીમાં કોઈ હંમેશા બિઝી નથી હોતું સવાલ માત્ર પ્રાયોરિટીનો હોય છે.

❑ પ્રેમ કયારેય સવારમાં શરૂ થઈને સાંજે પૂરો નથી થઈ જતો. પ્રેમ ત્યારે શરૂ થાય છે જયારે તમારે જરૂરિયાત નથી હોતી અને ત્યારે પૂર્ણ થાય છે જયારે તમારે જરૂર હોય છે.

❑ તમે કોઈને મિસ કરો ત્યારે આંસુ નથી આવતા પરંતુ આંસુ ત્યારે આવે છે જયારે તમે કોઈને મિસ કરવા નથી માંગતા.

❑ ઉંચા અવાજે કયારેય વાત ન કરો તેના બદલે તમારી તર્કશકિતની કવોલિટી વધારો.

***– જીદંગીનું રહસ્ય***

***દરેક મુશ્કેલીમાં એક તક રહેલી હોય છે.***

**આંતર – મન કાર્ય કઈ રીતે કરે છે?**

મે આંતર–મનને મીણના ચોસલા સાથે એટલા માટે સરખાવ્યું છે કે, તેની ઉપર છાપ સરળતાથી પડે છે. આ પુસ્તકને ડો. મેકસવેલ માલ્ટઝનાં "સાયકો–સાયબરનેટિકસ" સાથે પણ સરખાવી શકાય તેમ છે. તમો મારૂં આ પુસ્તક વાંચી લો, પછી ડો. મેકસવેલ માલ્ટઝનું તે પુસ્તક જરૂર વાંચજો જેથી આંતર–મન શું છે, તેની તમોને પૂરી સમજ આપો–આપ પડી જશે.

વાસ્તવમાં તો, ડો. મેકસવેલ માલ્ટઝ એક વિશ્વ વિખ્યાત સર્જન હોવાથી (તેમણે તેમનો નીચે જણાવેલો સિદ્ધાંત, મુખાકૃતિ અને શરીરના અન્ય ભાગો ઉપર કરાતી શસ્ત્રક્રિયા તે વ્યકિતનાં વ્યકિતત્વને પ્રકાશિત કરવા માટે પૂરતાં નથી.) તેમણે તે માટે આંતર–મનની શકિત ઉપર જ ભાર મૂકયો છે. તેમણે આંતર –મનને કોમ્પ્યૂટર સાથે સરખાવ્યું છે.

કોમ્પ્યૂટરની વાત કરીએ ત્યારે પ્રોગ્રામીંગની વાત કરવી અનિવાર્ય છે. આથી ડો. માલ્ટઝે સૌથી પહેલી વાત તે કહી છે કે, આંતર–મન કોમ્પ્યુટરની જેમ જ "પ્રોગ્રામ્ડ" થઈ શકે છે. આથી જ મે પણ આ પરિભાષાનો વારંવાર ઉપયોગ કર્યો છે.

તેમણે બીજી વાત તે કહી છે કે, કોમ્પ્યૂટર પણ આંતર–મનની જેમ જ અસામાન્ય શકિતશાળી છે. વાસ્તવમાં તો, કોમ્પ્યૂટર પણ તમોએ ધાર્યા હોય તે કરતાં પણ અનેક ગણા વધારે કાર્યો, અને તે પણ અનેકગણી ઝડપથી કરી શકે છે. કોમ્પ્યૂટર પણ આંતર– મનની જેમ જ વિશિષ્ટ "તર્ક–શકિત" ધરાવે છે. જેમકે, મે મારા કોમ્પ્યુટરમાં મારા અનેક કલાયન્ટના નામો સ્ટોર કર્યો હોય છે. પછી જે કલાયન્ટની ડીટેલ જોઈએ તે નામ સર્ચ કરી એ કે તુર્તજ તેનો તમામ ડેટા મારી સમક્ષ તે રજૂ કરી જ દે છે. પરંતુ, કોમ્પ્યૂટરનો પ્રોગ્રામ અહીં જ અટકી જાય છે. સબ–કોન્સ્યલ (આંતર–મન)નું પણ આવું જ છે તે સૂચનો સ્વીકારે છે પ્રોગ્રામ પણ સ્વીકારે છે, પરંતુ, પછીથી તે તેવી જ રીતે અને તેટલો જ રજૂ કરી શકે છે.

આમ સબ – કોન્સ્યલ મન અસામાન્ય શકિતઓ ધરાવતું હોવા છતાં તેને પોતાની તો કોઈ સ્વકીય ઈચ્છા શકિત હોતી જ નથી. આવું જ કોમ્પ્યુટર્સનું પણ છે. પ્રોગ્રામ સિવાય કોમ્પ્યુટર કશું જ કરી શકતું નથી. પરંતુ, સબ–કોન્સ્યલ મનને પ્રોગ્રામ ન જ કરી શકાય તેવું નથી. છેલ્લા સંશોધનો પ્રમાણે તો, ગર્ભમાં રહેલું બાળક પણ સંદેશાઓ સ્વીકારી શકે છે. જેમકે માતાની ચિંતા, સુખ કે દુઃખ સર્વેની તે અનુભુતિ કરે છે. જે જન્મના પછી વર્ષો પછી તાજાં કરી શકાય છે. મે તેવા અનેક ઉદાહરણો જોયા છે કે જેમાં, વ્યકિતએ પોતાની ગર્ભાવસ્થા દરમિયાન કરેલા દરેક અનુભવની પુનઃઅનુભુતિ કરી શકયા હોય. આ હકીકત જ તે પુરવાર કરે છે કે, આંતર–મન ભ્રુણ અવસ્થાથી, છેક જન્મ સુધીની (ગર્ભમાં હોય છે ત્યારથી જ) પણ તમામ બાબતોની નોંધ રાખે છે. આંતર–મન પ્રતિભાવો આપનારૂ છે એટલે કે તે કોઈ આઘાત પ્રોગ્રામ કે કમાન્ડનો પ્રતિભાવ જ આપી શકે છે. આ

**સફળતા એટલે, એક નિષ્ફળતાથી બીજી નિષ્ફળતા તરફ ઉત્સાહ ગુમાવ્યા વગર વધવું.**

પ્રતિભાવોનો આધાર વ્યકિતને બહારથી મળેલા સંદેશાઓ કે પ્રોગ્રામ ઉપર આધારિત હોય છે. આ બીજા સ્તરમાં સંદેશાઓ કે, પ્રોગ્રામ આપનાર માતા–પિતા, મિત્રો કે સમાજ મુખ્યત્વે હોય છે. દુઃખ તો તે વાતનું છે કે, મોટા ભાગની વ્યકિતઓને ગર્ભાવસ્થા સમયથી જ ૠણાત્મક સંદેશાઓ જ મળ્યા હોય છે. તેટલુ તો નહીં પરંતુ, તેમના આંતર–મનનું પ્રોગ્રામીંગ તે રીતે જ થયું છે. તેની તેમને જાણ પણ હોતી નથી તેઓ માની જ લે છે કે, તેઓ પોતાનું જીવન સુધારવા કશું જ કરી શકે તેમ નથી. ‘‘તેઓ જે છે જ તે જ રહેવાના છે’’ અને તેમણે ઘટનાઓ તેમજ સંયોગોને આધીન રહેવું જ પડે તેમ છે. તેમનાં જીવનમાં ઉચ્ચ બિંદુઓ કરતાં નીમ્ન–બિન્દુઓની જ સંખ્યા ઘણી વધારે હોય છે. આ નિરાશાવાદ વ્યાપક છે. તેટલું તો નહીં તેને ‘‘ સકારાત્મક મજબુતી’’ કરે છે. વાસ્તવમાં તેમાં કશું જ સકારાત્મક હોતું જ નથી. પરંતુ તમો કદાચ અંતર–મનમાં તેમજ માનતા હશો કે, તમોને પગાર વધારો કે માગવાનો અધિકાર જ નથી. ભલે તમારૂ બાહય મન તે રીતે વિચારતું હોય પરંતુ તમારૂ આંતર–મન કઈંક વિરૂદ્ધ કહે છે. તેથી તો આગળ વધી શકતા નથી. તો આ માટે શકય છે કે બાળ પણની જ કોઈ ઘટના કે ઘટનાઓ આના માટે કારણભૂત હોઈ શકે. કદાચ એવું જ બન્યું હોય કે, તમારી જાતને "સુપીરીયર" સિદ્ધ કરવાના તમારા ઉગતા પ્રયત્નોની તમારા માતા–પિતાએ, તમારા વડીલોએ, શિક્ષકોએ કે, મિત્રોએ વિડંબણા કરી હશે. તેમણે કદાચ તેવું કહયું હશે કે તમારા મનમાં ઠસાવ્યુ હશે કે, કોઈ મહત્વનું કાર્ય કરવાને માટે તમો અસમર્થ જ છો. અને તેથી જ તમારે આ સત્ય વાસ્તવિકતા સ્વીકારી દિવા સ્વપ્નો જોવા બંધ કરવા જોઈએ.

આ કેટલી ખેદજનક ટીકા છે તે કોઈ જીવનનો જ નહી પણ તમારી જીવન–શકિતનો નાશ કરનારી છે.

એવું પણ બની શકે કે, જેઓએ તમારા માનસમાં આવું પ્રોગ્રામીંગ ઠસાવી દીધું હોય તેમનો હેતુ શકે કે આવી ત્રણાત્મક ટીકાની તમારા બાળમાનસ ઉપર કેટલી ગંભીર અસર પડી શકે છે. તેનું તેમને અનુમાન જ ન હોય. પરંતુ આથી " ચેઈન ઓફ અનહેપીનેસ" અન્ય શબ્દોમાં દુઃખની ઘટમાળ શરૂ થઈ જતી હોય છે. પરંતુ, સૌથી સારી વાત તે છે કે, તમો તે "હેપીનેસ–અનહેપીનેસ" ઘટમાળમાંથી બહાર આવી શકો છો. તે માટે તમારે મારી દર્શાવેલી આત્મ સંમોહનની ગતિવિધિ અપનાવવી જરૂરી છે. પરિણામે તમો એક એવી અસામાન્ય પ્રતિભા બની જશો કે જેથી લોકોને તમારી પ્રત્યે આકર્ષણ ઉત્પન્ન થાય. તે માટે તમારી વિશિષ્ટતા અને સ્વક્રિયતા જ કારણભૂત બનશે. તેનું શુભ પરિણામ સુખ છે. રચનાત્મકતા છે. તમો લોકોને ચુંબકની જેમ આકર્ષી શકશો. તમારૂ વ્યકિતત્વ સતા અને ચુંબકત્વ ધરાવતું થઈ જશે, લોકો સામે ચાલીને તમારી પાસે આવશે જેમ રણમાં મુસાફરી કરનારા રણદ્વિપ શોધતા આવે છે. તેમ સૌ કોઈ તમોને શોધતા આવશે.

**(સાભારઃ માઈન્ડ પાવર)**

***જેના વડે મનુષ્ય જીવે છે તે સંસ્કૃતિ નથી, પણ જેને માટે મનુષ્ય જીવે છે તેનું નામ સંસ્કૃતિ!***

## ખાંભા ન્યાય સમિતિની બેઠક (તા.૨/૮/૧૪)

આજરોજ ન્યાય સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં ન્યાય સમિતિના સભ્યો પૈકી મુકતાબેન હાજર હતા. અમરેલીથી ભુમિબેન (એમ.એસ.ડબલ્યૂના વિધાર્થી), પાયલ (સંસ્થાના કાર્યકર), સતીષભાઈ (અવિરતના કાર્યકર) તથા કેસ નોંધાવનાર બહેન હાજર હતા. એ કહેતા હતા કે એ બહેનના પતિ પિયરમાં (પાદરમાં મુકી ગયેલ છે અને ત્યારે ઘરકંકાસ ચાલુ હતો એ બહેન કહે છે કે ઘરેણા જુટવી લીધેલ છે અને નાકથી જડ પણ ખેંચી લીધેલ છે. ઘરે એ પ્રસંગ હતો ત્યારે પણ કઈ ખરીદી કરવા મને પૈસા નથી આપ્યા ને જયારે પ્રસંગ હતો ત્યારે એક બેન અને તેમના સાસુ વચ્ચે ઝગડો થયો તો અને આ બેન એમના પિયર ચાલી ગયા હતા. એમ બીજો પ્રસંગ પણ એમની હાજરી વગર જ કરવામાં આવયો. માટે હવે, આ બેનનો વિચાર નથી એની સાસરીમાં જાવાનો અને એના મા–બાપનો વિચાર એવો છે કે, એ સમાધાન કરીને એનો ઘરસંસાર ચાલુ કરી દે. કેમકે, એના મા–બાપ દાડી કરીને ૨ ટાઈમનું જમવાનું માંડ થાય છે. અને છોકરીના પપ્પાને તેના સાસરીપક્ષવાળાએ ધમકી આપી છે કે એમને આ બેનનો પતિ મારી નાખશે. અને હવે તેમને આપણે એનો છેલ્લો નિર્ણય ગુરૂવાર સુધીમાં શૈલેષભાઈને ફોન કરી કહેવાનું કીધુ છે. હવે, આ પ્રશ્નોનો ઉકેલ લાવવાની કોશિશ કરીએ છીએ. એવું એક આયોજન આવતા મહિને ગોઠવીએને આ મીટીગનો પૂર્ણ કરવામાં આવી.

**– પાયલ ધાનાણી**

## કુરિવાજને કારણે !

વહેતા પાણી પણ થીજીને હીમ થઈ જાય તેવી ટાઢ પડતી હતી. પણ આવી ટાઢમાં યે લખમીને સખ નો'તુ. પથારીની મીઠી હુંફ છોડીને ભડકડું થતા તો તે જાગી ગઈ તેને આજ ઘઉંને ખેતર વાહુ ગયેલ ઘણીને શીરામણ પોગાડવાની ઉતાવળ હતી જોત જોતામાં દરણું – વાસીદું પતાવી રોટલા પણ ઘડી મેલ્યા અને પડોશણ કંકુને પાણી આવવા સાદ કર્યો.

બન્ને પડોશણ વાતો કરતી ગામેરુ કુવાના પગથીયા ચડી ગાગરમાં ગાળિયા નાખી પાણીસિંચવા લાગી. 'આજ આ ગાગર્ય કાં નો ડુબે' કહેતી લખમીએ કુવામાં ડોકું તાણ્યું. સૂર્યોદય પહેલાના આછા ઉજાસમાં અતાગ ઉંડા પાણી પર માનવ લાશ તરતી જોઈ. ને તેની રાડ ફાટી ગઈ. કાંડા બળુકી કંકુએ જો તેને ઝાલી ન હોત તો સાચે જ નીચે ગબડી ગઈ હોત.

લખમીની ચીસ સાંભળી ગામ ઝાંપે ઝૂંપડી બાંધી રહેતો ચનો વાઘરી દોડી આવ્યો ને ગામ નાતે ભાભી થતી કંકુને ઉદેશ્યી બોલ્યો 'ભણ્યે ભાભી રાડ કેમ ફાટી, ચરીતર બરીતર તો નથ્યને ?'

ચરીતર તો કાંઈ નથ્ય, ચના ભઈ, પણ આજ આ કુવો કો'કે ગોઝારો કર્યો લાગે છે. 'કહેતી કંકુ લખમીને કહેવા લાગી હાલ્ય બુન આજનો દિ તો આંય પાણી નય ભરાય, પટેલની વાડીએ જાવું જો'હેં'

અને પછી તો વા વાતને લઈ ગયો. જોત જોતામાં ગામ આખામાં સમાચાર ફળી વળ્યા ને

**પડકારોને અવરોધો નહીં, અવરોધોને પડકારો!**

મદારીની ડુગડુગી સાંભળી જેમ ટાબરિયાં ભેળા થઈ જાય એમ નવતર વાત જાણી જોતજોતામાં કુવા કાંઠે ગામ લોક ભેળું થઈ ગયું અને ત્યારે દિ ઉગી ગયો હતો.

ભેળા થયેલા સમુદાયમાંથી કોઈ કુવા કાંઠે ડોકું કાઢવા ઢૂકતું પણ નો'તું સૌને બીક હતી પંચકિયાસમાં હાલ્યા આવતા જેઠા ચોવટિયાએ કુવામાં જઈને જોયું, જોતા જ તેની રાડય ફાટી ગઈ. આ તો મારી સમજુડી રે... અને થાળા પર ઢગલો થઈ પડી જતા રોઈ રહયો. ને બાયુના ટોળામાંથી લાજનો ઘુમટો કાઢી સમજુની બા કાશીએ દોટ મેલી 'સમજુ તે આ શું કર્યુ રે.' અને પછી તો સૌ ડોકા તાણી જોવા લાગ્યા. બેચાર જુવાનીયાઓએ ખાટલી લાવી દોરડા બાંધી લાશ બહાર કાઢી. પણ સમજુએ કુવો કેમ પૂર્યો ? સૌના મનને મુંજવતા આ પ્રશ્નનો જવાબ કંઈક આમ હતો. જેઠો.' ચોવટિયો ગામનો ગરીબ ખેડું હતો. સમજુના લગ્ન તેણે પાંચ વરસ પહેલા કર્યા હતા. પણ આણુ વાળવાની ત્રેવડ નો'તી. ન્યાત રીવાજ પરમાણે કરિયાવર કરી શકવાની તેની સ્થિતિ નો'તી. વળી સમજુથી મોટી ચાર બેન્યુના આણાં – પરિયાણા કરી તે પૈસે ટકે ઘસાઈ ગયો હતો. કમભાગ્યે સમજુના સાસરીયાં પણ અવળાં મળ્યા હતા. તેઓ ઝાઝા દાયઝાની વાતને વળગી બેઠા હતા. આમ વાત વાતમાં વરહ મંડયા તા જાવા અને એક દિ વાડીએ નીરણ પુળો લેવાગયેલ સમજુને ગામના રખડેલ દેવાએ ભોળવી યૌવનની ભૂખથી અસંતુષ્ટ રહેલ સમજુનો પગ લપસી ચૂકયો. ને સમજુને મહિના રહયા. તેની માતાને ખબર પડતાં તેણે માથુ ફુટયું. 'રાંડ કુલટાં તું મરી કેમ નો ગઈ?' કોઈ આવી ન'તી તું કેમ આવી થઈ? તે તો મારૂં મોત બેઠું કર્યું રે'ને સાંજે સીમમાંથી ઘેરે આવેલ પતિ સામે છાજિયા લઈને દિકરીનું પરાક્રમ વર્ણવ્યું. હાડથી જ ગરીબ એવો જેઠો પણ ક્રોધથી ધ્રુજી ઉઠયો. સાત પેઢીએ આવું નો'તુ બન્યું ઈ આજ બની બેઠું તેણે સમજુને ન કેવાના વેણ કીધા. 'તને આવી વાત કરતા પહેલા કૂવો નો જડયો! તે અંઈ આવી? તારે પાપે મારે અફીણ ઘોળવું પડશે.' પરંતુ બા કે બાપાને મરવું પડે તે પહેલા સમજુએ તૈયારી કરી લીધી. રાતના જયારે સૌ જંપી ગયા ત્યારે હળવેકથી પથારીમાંથી બેઠા થઈ ટૂંકે રસ્તે કૂવે પહોંચી ધૂબાકો માર્યો. ધુબાકાનો અવાજ સાંભળી દોડી આવે તેવુ ત્યાં કોઈ ન હતું.

**– ભીતર કેરો ભાવ**

❑ સૌ પ્રથમ તમે જે સ્થળે હો તે કારણે થતી અસ્વસ્થતા. જેવા તમે કોઈ એક સ્થળેથી, એ ઘરમાંથી કે એ ગલીથી દૂર જશો તેવી જ એક નિરાંત અનુભવશો

❑ આપણા અંત સમયે,જીવનમાં આપણે કરેલા બધા કાર્યો એક ઝબકારાની જેમ આપણી સમક્ષ આવે છે.

**– જીવનનું મૂળ**

**નકાર વ્યકિતને બધેથી તોડે છે જયારે હકાર હરકોઈ જગ્યાએથી જોડવાનુ જ કામ કરી શકે.**

| | | |
|---|---|---|
| 1 | Hetal B Pansuriya | 2-09-1990 |
| 2 | Ketan H Usadadia | 2-09-1975 |
| 3 | Dharmendra H. Maheta | 10-09-1970 |
| 4 | Hetal B.Siyal | 11-09-1987 |
| 5 | Ashish S. Trevedi | 13-09-1984 |
| 6 | Bharat J Vala | 20-09-1985 |
| 7 | Bhupatbhai Varu | 22-09-1983 |
| 8 | Daya A Jadav | 29-09-1991 |
| 9 | Krupa J Nimavat | 29-09-1985 |
| 10 | Premilaben Ai Pathak | 29-09-1952 |
| 11 | Nidhi D. Bhuptani | 30-09-1984 |
| 12 | Sailesh P. Shukal | 30-09-1974 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

**Engage on this month**

| | |
|---|---|
| 1-2 | 2nd Party Credibility Check by BCI. |
| 5 | LAMP - Meeting A'bad |
| 6 - 8 | Gender Workshop - Janvikas A'bad |
| 7 | Reveiw meeting WASMO, Junagadh. |
| 11 | AGM Sajjata Sangh/SANG Meeting |
| 19 | Village volunteers training at Amreli |
| 20 | Field visit - Timbi by CSPC (PIFP & MIS) |
| 21-22 | Field visit & Planing Meeting with GR For NPM |
| 21-23 | Financial traning DSC A'bad |
| 25-26 | BCI - Module 2/3 training Targhadiya |
| 26 | Reveiw meeting WASMO, Gandhinagar |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**નિષ્ઠામાં સ્થિર થવું એ મોટામાં મોટું તપ છે.**